| પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી<br>ગુજરાત રાજ્ય | |
|---|---|
| ફોન: (૦૭૯) ૨૩૨૫૩૨૧૨(પીએ)<br>નિયામકશ્રી-૨૩૨૫૩૨૧૩ (અંગત)<br>(ફેક્સ) ૨૩૨૫૩૯૦૬<br>E-mail Address :dir-ppf@gujarat.gov.in | "વિમાઅનેલેખાભવન"<br>ડૉ.જીવરાજમહેતાભવન,<br>બ્લોકનં-૧૮, સેકટર-૧૦બી<br>ગાંધીનગર -૩૮૨૦૧૦ |

ક્રમાંક:ડીપીપી/એલ.એમ/ ૮૬ /૨૦૨૪ તા-૨૪/૦૨/૨૦૨૪

પ્રતિ,

નાયબ સચિવશ્રી,

................................... વિભાગ,

નવા સચિવાલય, ગાંધીનગર

વિષય: ૩૦ જૂનના રોજ વયનિવૃત થતાં કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઇજાફો આકારવા તેમજ તે સંદર્ભે રીવીઝન પાત્ર પેન્શનકેસોની માહિતી મોકલવા બાબત

સંદર્ભ: (૧) નાણા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ઇજફ-૧૦૨૦૨૩-૪૧-ચ
(૨) નાણા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ઇજફ-૧૦૨૦૨૩-૪૧-ચ
(૩) નાણા વિભાગનો તા.૧૪/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ઇજફ-૧૦૨૦૨૩-૪૧-ચ
(૪) નાણા વિભાગનો તા.૧૨/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ઇજફ-૧૦૨૦૨૩-૪૧-ચ

માનનીયશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ(૧) અન્વયે ૩૦ જૂનના રોજ વયનિવૃત થતાં કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઇજાફો આકારવા બાબતના હુકમ થયેલ છે તેમજ તા-૦૬-૧૨-૨૦૨૩ના સંદર્ભ(૨)ના પત્ર દ્વારા ઇજાફો આકરવા તેમજ પેન્શન રીવાઇઝ કરવા અંગે સુચનાઓ આપવામાં આવેલ હતી. ત્યારબાદ સંદર્ભ(૩)ના પત્રથી તા.૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ સ્થગિત કરવામાં આવેલ હતો. હવે નાણા વિભાગના સંદર્ભ(૪)ના પત્ર દ્વારા તા.૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ પુન: અમલમાં મૂકવામાં આવેલ છે.

ઉકત સંદર્ભ(૨)ની સુચના મુજબ તા-૦૧-૦૧-૨૦૦૬ થી તા-૩૦-૦૬-૨૦૨૩ સુધીમાં વયનિવૃત થયેલ અને જેમની નિવૃતિ તારીખ ૩૦ જુન છે તેમજ અત્રેની કચેરી દ્વારા પેન્શનની અધિકૃતિ આપવામાં આવેલ છે તેવા પેન્શનરની **IFMS System** હેઠળ ઉપલબ્ધ યાદી આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ સંદર્ભ(૨)માં આપવામાં આવેલ સુચનાઓ મુજબ રિવાઇઝ પેન્શનની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં મોકલી આપવા વિનંતી છે

નોંધ પર નિયામકશ્રીના મંજૂરી આદેશ મળેલ છે.

આપનો વિશ્વાસું

બિડાણ: ઉપર મુજબ

નાયબ નિયામક
(પેન્શન)